
## સલામત સવારી જોખમી બની : સાબરકાંઠા-અરવલ્લીમાં એક વર્ષમાં એસ.ટી. બસને ૧૬ અકસ્માત નડ્યા

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં માર્ગ અકસ્માતોનું પ્રમાણ ભયજનક રીતે વધ્યું છે ત્યારે સલામત મુસાફરીનું સાધન ગણાતી એસ.ટી. બસ પણ અકસ્માતોથી બાકાત રહી નથી. એસ.ટી. બસની મુસાફરી પણ જોખમી બની હોય તેમ છેલ્લા એક વર્ષમાં માર્ગો ઉપર એસ.ટી. બસોને કુલ-૧૬ માર્ગ અકસ્માતો નડતાં ૧૦૦થી પણ વધુ મુસાફરો ઈજાગ્રસ્ત થયાનું જાણવા મળેલ છે. છેલ્લા કેટલાક સમયથી એસ.ટી. બસ અકસ્માતોનો ભોગ બનતાં મુસાફરોની સલામતી જોખમાતી હોય તેવું લાગી રહ્યું છે. જિલ્લામાં માર્ગો સાંકળા પડે તે રીતે વાહનોની સંખ્યામાં ઉત્તરોત્તર વધારોથતાં માર્ગ અકસ્માતો સતત વધી રહ્યા છે. અત્યાર સુધી એસ.ટી. બસની સમાંતરે ઘેટાં-બકરાંની માફક મુસાફરો ભરીને દોડતાં વાહનોમાં મુસાફરો અકસ્માતોનો ભોગ વધુ બનતા હતા પરંતુ હવે માર્ગ અકસ્માતોનું પ્રમાણ ઉંચકાતાં એસ.ટી. બસો પણ જોખમી બની રહી છે. એસ.ટી. બસના ચાલકો મુસાફરોની સલામતીને નેવે મૂકી બસો હંકારતા હોય તેમ છેલ્લા એક વર્ષ દરમ્યાન જિલ્લાના ૮ એસ.ટી. ડેપોની એસ.ટી. બસને વિવિધ માર્ગો ઉપર કુલ-૧૬ માર્ગ અકસ્માત નડ્યા હતા. જિલ્લામાં ખાનગી વાહનો જોખમી બન્યા પછી હવે મુસાફરો ભરીને દોડતી બસો પણ અકસ્માતોનો ભોગ બનવા લાગતાં સલામત ગણાતી એસ.ટી.ની સવારી પણ અસુરક્ષિત બની રહી છે.

## ડીસાના ઓવરબ્રિજ ઉપર ટ્રેલર અને ટ્રક વચ્ચે ગમખ્વાર અકસ્માત



બનાસકાંઠા જિલ્લાના ડીસા ખાતે આવેલ ગુજરાતના સૌથી લાંબા એલિવેટેડ ઓવરબ્રિજ પર ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. રોંગ સાઈડમાં આવી રહેલા ટ્રક અને ટ્રેલર વચ્ચે અકસ્માત સર્જાતાં બે લોકોના ઘટના સ્થળે કરૂણ મોત નિપજયા હતા. અકસ્માતગ્રસ્ત ટ્રેલરમાંથી ડીસા પોલીસે પાંચ કલાક સુધી ક્રેનની મદદથી રાહત કામગીરી કરી ફસાયેલી લાશને બહાર કાઢી હતી. ડીસામાં એલિવેટેડ બ્રિજ પર આજે વહેલી સવારે ગોઝારો અકસ્માત સર્જાયો હતો. પાલનપુર તરફથી આવી રહેલ પથ્થર ભરેલું ટ્રેલર ઓવરબ્રિજ પરથી પસાર થઈ રહ્યું હતું. તે સમયે ધાનેરા તરફથી આવી રહેલ જીરું અને ઈસબગુલ ભરેલ ટ્રક સામ સામે ધડકાભેર ટકરાતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં બંને ગાડીના કેબીનનો કચ્ચરઘાણ વળી ગયો હતો. ટ્રેલરમાં પથ્થર અને કેબીન વચ્ચે ફસાઈ જતા ચાલક અને કિલનરનું ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું જ્યારે ટ્રકમાં બેઠેલા બે લોકોને નાની મોટી ઈજા થતાં આબાદ બચાવ થયો હતો. બનાવને પગલે ડીસા દક્ષિણ પોલીસ અને હાઈવે ટ્રાફિક પેટ્રોલિંગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. અને સતત પાંચ કલાક સુધી ક્રેનની મદદથી રાહત કામગીરી કરી ટ્રેલરના કેબીનમાં ફસાયેલ લાશને બહાર કાઢી પીએમ અર્થે ડીસા સિવિલ હોસ્પિટલમાં ખસેડી હતી.જો કે જીરું અને ઈસબગૂલ ભરેલી ટ્રકના ચાલકે ત્રણ કિલોમીટર દૂર ફરીને ન જવું પડે તે માટે ઓવરબ્રિજ પર આવેલ ઈમર્જન્સી એકજેટ પોલ ખોલી રોંગ સાઈડમાં આવી રહ્યો હતો જે ટ્રક ચાલકની ગંભીર બેદરકારીના કારણે અકસ્માત સર્જાયો હતો અને નિર્દોષ ટ્રેલરના ચાલક અને કલીનરે જીવ ગુમાવ્યા હતા.

## ધાનેરાથી નેનાવા ને જોડતો રોડ આજે ફરીવાર લોહિયાળ - રીક્ષા-બસ વચ્ચે અકસ્માત પાંચના કરૂણ મોત



ધાનેરા તાલુકાના વીંછીવાડી પાસે રિક્ષા અને બસ વચ્ચે ગોઝારો અકસ્માત સર્જાયો છે .આ અકસ્માતને લઈ રોડ પર મોતની ચિચિયારી સાંભળવા મળી હતી. રિક્ષામાં બેઠેલા પાંચ જેટલા લોકોના કમકમાટી ભર્યા મોત નિપજતાં ચકચાર મચી જવા પામી છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા ધાનેરાના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ જણાવે છે કે, રોડ પર મૃતદેહના ટુકડે ટુકડા જોવા મળ્યા હતા અકસ્માત થયાની ઘટનાથી ઘટના સ્થળે લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. અને લોકો દ્વારા સ્થાનિક ૧૦૮ને જાણ કરતાં ૧૦૮ની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે આવી પહોંચી હતી. અને ઈજાગ્રસ્તોને સારવાર અર્થે ખસેડ્યા હતા ત્યારે સમગ્ર ઘટનાને લઈ ધાનેરા પોલીસ પણ તાત્કાલિક ઘટના સ્થળે આવી પહોંચી હતી. અને ટ્રાફિક ન સર્જાય તે માટે ની કામગીરી હાથ ધરી હતી તે બાદ મૃતદેહોને પીએમ અર્થે ધાનેરા ખસેડ્યા હતા .ત્રણ લોકોના તો ઘટનાસ્થળ પર જ કમકમાટીભર્યાં મોત નિપજ્યા હતા. અને છ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. ઈજાગ્રસ્તોને સારવાર અર્થે ધાનેરા ખસેડ્યા હતા .વધુ ઈજાગ્રસ્ત થતા તેમને સારવાર અર્થે આગળ રિફર ખસેડવામાં આવ્યા હતા .તેમાંથી પણ બે લોકોના સારવાર દરમિયાન મોત નિપજ્યા હતા. જ્યારે મોતનો આંકડો ૫ પહોંચ્યો હતો .સમગ્ર ઘટનાથી ધાનેરા શહેરમાં શોકનો માહોલ જોવા મળી રહ્યો છે. અકસ્માતની ઘટનાને લઈને પોલીસે ગુનો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કરે છે. તો બીજી તરફ બસનો ચાલક બસ મુકી ફરાર થઈ ગયો છે.

ટચુકડી
જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

### જન્મદિને વધામણી



પટેલ અમૃતભાઈ એલ
ધનસુરા

# અરવલ્લીમાં અમૃત સરોવર યોજના હેઠળ ૮ નવાં તળાવ નિર્માણની તૈયારી

**૩.૧૪ એમ.સી.એફ.ટી. જળ સંગ્રહનો લક્ષ્યાંક : બ્યુટીફીકેશન સાથે ધ્વજવંદન માટે તળાવ સ્થળે વિશેષ જગ્યા રખાશે**



બાયડ (બ્યુરો ઓફિસ), તા. ૩૧

અરવલ્લી જિલ્લામાં અમૃત સરોવર યોજના હેઠળ ૮ નવા તળાવ બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. નવનિર્માણ થનાર તળાવોમાં કુલ-૩.૧૪ એમ.સી.એફ.ટી. જળસંગ્રહ કરવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે. જ્યારે અન્ય ૬૭ તળાવો ઉંડા કરવાની કામગીરી સાથે તળાવ સ્થળે ધ્વજવંદન માટે પણ અલગથી સાઈટ બનાવાશે. વૃક્ષારોપણ તેમજ અન્ય સુવિધા ઉભી કરી તળાવોને લોકઉપયોગી બનાવવાની સાથે આકર્ષક બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે.

અરવલ્લી જિલ્લા સિંચાઈ વિભાગના કાર્યપાલક ઈજનેર એસ.એન.શાહે જણાવ્યું કે દેશની આઝાદીના ૭૫ વર્ષ ૨૦૧૨માં પૂર્ણ થઈ રહ્યા છે. ત્યારે વડાપ્રધાને વર્ષ ૨૦૨૨-૨૩ સુધી સમગ્ર વર્ષ અમૃત મહોત્સવની ઉજવણી કરવાની જાહેરાત કરી છે. જેના ભાગરુપે અરવલ્લી જિલ્લાના મેઘરજ અને મોડાસા તાલુકામાં અમૃત સરોવર બનાવવાના સૂચનને ધ્યાનમાં લઈને ૮ નવા તળાવ બનાવવામાં આવશે. આ તમામ તળાવોમાં ૩.૧૪ એમ.સી.એફટી, જળ સંગ્રહ થઈ શકે તેવું આયોજન કરવામાં આવ્યું છે. નવા તળાવોના નિમણિથી ગ્રામ્ય વિસ્તારમાં ભૂગર્ભ જળ પણ ઉંચા આવવાથી ફાયદો થશે. જિલ્લામાં પંચાયત સિંચાઈ વિભાગ અને ગ્રામ વિકાસ એજન્સીના સહયોગથી નવાં તળાવ તૈયાર કરવાની કામગીરીમાં વધુ ને વધુ લોકો તળાવ તરફ આકર્ષાય તેવા પ્રયાસોને ધ્યાનમાં રાખી ધ્વજવંદન માટે જગ્યા રખાશે. તળાવના વિકાસ માટે કેચમેન્ટ એરીયામાં પ્લાન્ટેશન, જળસંચયના કામો, ઈનસેટ-આઉટલેટ સ્ટ્રક્ટરનો વિકાસ સહિતની બાબતોનું ધ્યાન રાખવામાં આવશે. જ્યારે કામકાજની દેખરેખ માટે પંચાયત પ્રતિનિધિ અને સ્થાનિક અધિકારીઓની જવાબદારી નક્કી કરવામાં આવશે. જિલ્લામાં નિર્માણ થનાર નવા તળાવના ભૂમિપૂજન પ્રસંગે સ્વાતંત્ર્ય સેનાની, શહીદ પરિવાર વગેરેના હસ્તે કાર્યક્રમનું આયોજીત કરવા તૈયારીઓ હાથ ધરવામાં આવી છે.

### જિલ્લામાં ૮ તળાવ તૈયાર કરાશે

| તાલુકો | તળાવ |
|---|---|
| મેઘરજ | જામગઢ (ગોપાવાડા) |
| મેઘરજ | જામગઢ (હોળી ચકલા) |
| મેઘરજ | જામગઢ (મનાતવાલીનંગાના ઘર આગળ) |
| મેઘરજ | વડથલી (કટારા ફળીયું) |
| મોડાસા | ગાજણ (નવું તળાવ ઉંડું કરવા) |
| મોડાસા | માથાસૂલીયા (જૂના સર્વે નં.૮૧માં નવું તળાવ) |
| મોડાસા | સરડોઈ (નવું તળાવ ઉંડું કરવું) |
| મોડાસા | બોલુન્દ્રા (નવું તળાવ) |

### જિલ્લામાં ૬૭ તળાવ ઉંડાં કરવાની કામગીરી...

અરવલ્લી જિલ્લામાં ભૂગર્ભ જળનું સ્તર સુધારવા માટે ચોમાસા પૂર્વે તળાવો ઉંડા કરવાની કામગીરી શરુ કરવામાં આવતી હોય છે. વધુમાં વધુ જળસંચય થાય તેવા આયોજન સાથે અનેક વિસ્તારોમાં તળાવો મનરેગા હેઠળ ઉંડા કરવાની કામગીરી ચાલી રહી છે. હવે અમૃત સરોવર યોજના અંતર્ગત નવા તળાવ બનાવવાની સાથે જિલ્લાના અન્ય ૬૭ તળાવ પણ ઉંડાં કરવાની કામગીરીનો ધમધમાટ દેખાઈ રહ્યો છે. તળાવો ઉંડા કરવાની સાથે તેના બ્યુટીફીકેશન ઉપર વધુ ધ્યાન રાખવામાં આવ્યું છે.

### સાબરકાંઠામાં અમૃત સરોવર હેઠળ ૭૫ તળાવોની પસંદગી..

આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી ચાલી રહી છે ત્યારે સાબરકાંઠાના ૮ તાલુકામાં અમૃત સરોવર યોજના હેઠળ ૭૫ તળાવોની પસંદગી કર્યાનું વિભાગના સૂત્રોએ જણાવ્યું છે જેમાં આદિવાસી વિસ્તાર ખેડબ્રહ્મા, પોશીના અને વિજયનગર તાલુકાના ૨૬ તળાવની પસંદગી કરવામાં આવી છે.

| તાલુકો | તળાવ |
|---|---|
| હિંમતનગર | ૧૬ |
| તલોદ | ૦૯ |
| પ્રાંતિજ | ૦૮ |
| ઈડર | ૦૯ |
| વડાલી | ૦૭ |
| વિજયનગર | ૦૭ |
| ખેડબ્રહ્મા | ૦૮ |
| પોશીના | ૧૦ |

**શંકાસ્પદ બિયારણનો જથ્થો ઝડપાયો તે અગાઉ કરોડોનું બિયારણ સગેવગે..!**

# વડાલીની જીનીંગોમાંથી ૨ લાખ બિયારણના પેકેટ મધ્ય પ્રદેશ-સૌરાષ્ટ્રના બજારમાં ઠલવાયા

**ખેતી વિભાગ દ્વારા મધ્યપ્રદેશમાં તપાસ થાય તો ચોંકાવનારી વિગતો પ્રકાશમાં આવવાની સંભાવના: લોકચર્ચા : લેબોરેટરી પાસે સેમ્પલ ટેસ્ટ કરવાની કીટ નથી, તપાસ અધિકારી શંકાના દાયરામાં**

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૩૧

પ્રતિબંધિત બિયારણનું ઉત્પાદન થવાની દહેશતથી ગત મહિને ખેતી વિભાગ દ્વારા વડાલીના ચાર જીનીંગ એન્ડ પ્રોસેસીંગ યુનીટમાંથી ૧૮ હજાર કિલોગ્રામ શંકાસ્પદ કપાસ બિયારણનો જથ્થો સીઝ કરી સેમ્પલ ટેસ્ટીંગ માટે ગાંધીનગરની સરકારી લેબમાં મોકલવામાં આવ્યું છે જેમાં હજુ સુધી સેમ્પલ રીપોર્ટ જાહેર થયો નથી. ત્યારે સેમ્પલ લેવાય તે અગાઉ વડાલીની જીનીંગોમાંથી અંદાજીત બે લાખ બિયારણના પેકેટ મધ્યપ્રદેશ-સૌરાષ્ટ્રના બજારમાં ઠલવાઈ ગયાની આશંકા છે. ખેતી વિભાગ દ્વારા મધ્યપ્રદેશમાં તપાસ થાય તો ચોંકાવનારી વિગતો પ્રકાશમાં આવી શકે છે.

અનેક બે રોજગાર ઉમેદવારોની ઘોર ખોદવામાં નિમિત બનેલા સાબરકાંઠા જિલ્લામાં હવે ખેડૂતોની પાયમલ કરવાની ખતરનાક પેરવી શરૂ થયાની આશંકા વચ્ચે જિલ્લામાં આવેલી કેટલીક જીનીંગમાં કપાસનું પ્રતિબંધિત બિયારણ ઉત્પાદન કરવાનો ધંધો ભ્રષ્ટ અધિકારીઓના આશીર્વાદથી વર્ષોથી ચાલતો આવ્ય છે પરંતુ હવે કુદરત ખેડુતોની તરફેણમાં હોય તે રીતે વડાલીમાં આવેલા કેટલાંક જીનીંગ એકમોમાંથી શંકાસ્પદ બિયારણનો જથ્થો સીઝ કર્યા પછી રીપોર્ટની રાહ જોવાઈ રહી છે પરંતુ લોકચર્ચા એવી છે કે ટેસ્ટીંગ માટે લેબોરેટરીમાં પુરતા પ્રમાણમાં કીટનો અભાવ છે અને ભ્રષ્ટ અધિકારીઓએ પોતાનું આર્થિક હિત જોયા પછી કીટ ખરીદવા માટે લેબોરેટરીને મંજુરી આપવામાં આવતી નથી તો પછી તપાસના નાટક કોના ઈશારે કરવામાં આવી રહ્યા છે. ખેડુતો શંકાસ્પદ બિયારણના કારણે પાયમલ થઈ જવાનો ભય ઉભો થયો છે. રાજ્ય-કેન્દ્ર સરકાર ખેડુતોને આર્થિક રીતે સમૃદ્ધ બનાવવા માટે પ્રધાનમંત્રી કિસાન સહાય યોજના સહિત અનેક યોજનાઓ અમલમાં મુકી ખેડુતોને લાભ આપી રહી છે ત્યારે ગુજરાતમાં જ ભ્રષ્ટ અધિકારીઓ પોતાનું આર્થિક હિત સંતોષવા માટે શંકાસ્પદ બિયારણના વેપલાને પાછલા બારણે મદદ કરતા હોવાની લોકચર્ચાઓ હવે શરૂ થઈ છે. રાજ્યના ખેતી નિયામકને ખબર છે કે શંકાસ્પદ બિયારણનો જથ્થો સીઝ કર્યા પછી ધારે તો અઠવાડિયામાં ટેસ્ટીંગ રીપોર્ટ જાહેર કરી શકાય પરંતુ રીપોર્ટ લાંબા સમયથી જાહેર ન થતાં સેમ્પલ લેનારા અધિકારીઓની અને સરકારી લેબની મનસા ઉપર આંગળી ચિંધાઈ રહી છે જ્યારે કીટ ખરીદવા માટે મંજુરી ન આપવા પાછળ પણ અનેક અધિકારીઓનું આર્થિક હિત પોષાતું હોવાની ગરમાગરમ ચર્ચાએ હલચલ મચાવી છે. જે બિયારણનો જથ્થો સીઝ કરાયો તેમાંથી તૈયાર થયેલા પેકેટ મધ્યપ્રદેશ સહિત સૌરાષ્ટ્રના કયા વિસ્તારોમાં મોકલવામાં આવ્યા છે ? તેની તપાસ થાય તો ખુદ તપાસ કરનારા જ શંકાના દાયરામાં આવી શકે છે.

# અવળી ગંગાઃ પાલનપુરમાં સેનિટેશન વિભાગ રોડ ઉપર કચરો નાખે પાલિકા એજ કચરો ઉઠાવવા કોન્ટ્રાક્ટ આપે..!

**૮૦ લાખના ખર્ચે હિટાચી નાળા સફાઇ અને ડમ્પીંગ સાઇટ રોડ ખુલ્લો કરશે**

પાલનપુર તા.૩૧

પાલનપુર શહેરના સહુથી પ્રદૂષિત ડમ્પીંગ સાઈટ વિસ્તારમાં ડોર ટુ ડોર કલેક્શન કરતા વાહનો દ્વારા ડમ્પિંગ સાઈટ ની ઉપર જવાનો રસ્તો ન હોવાથી પાછલા બે વર્ષથી મુખ્ય રોડ ઉપર જ કચરો નાખવામાં આવી રહ્યો છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી.જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, પાલિકાએ હવે રોડ પરનો કચરો ઉઠાવવા ટેન્ડર બહાર પાડી એબીએન પ્રોજેક્ટ એજન્સી ઊંઝા ૮૦ લાખનો વર્ક ઓર્ડર આપી દિધો છે. ૧૫ જૂન પહેલા પાલનપુર શહેરના તમામ વરસાદી નાળાની સફાઈ કરી માલણ દરવાજા રામપુરા વચ્ચે આવેલી ડમ્પિંગ સાઈટ નો રોડ ખુલ્લો કરશે અને રોડ ઠલવાયેલો કચરો ડમ્પિંગ સાઈટની ઉપર નાખશે. માલણ દરવાજા વિસ્તારના લોકોએ જણાવ્યું હતું કે અવ્યવસ્થા અને લાપરવાહીનું બીજું નામ પાલનપુર નગરપાલિકા છે. પાલનપુર શહેરના અને સુખાકારીમાં વધારો થાય તેવા પ્રયાસો પાલિકા દ્વારા કરવામાં આવતા નથી. હાલમાં પ્રિમોન્સૂન એક્ટિવિટી અંતર્ગત ૮૦ લાખના ખર્ચે નાળા સફાઈ તેમજ ડમ્પિંગ સાઈટ પર રોડ પરના કચરા હટાવવાની કામગીરી કરવામાં આવશે તેમાં ખોટા બીલ રજૂ કરી ભ્રષ્ટાચાર આચરવામાં ન આવે તેની તકેદારી રાખવી જોઈએ.

## પ્રાચીન કાળમાં ભારતમાં શિક્ષણ નહોતું તેવું માનવાવાળા ખુદ અભણ છે

### થર્ડ અમ્પાયરની દ્રષ્ટિએ....???

બાયડ તા.૩૧


યુરોપ હજુ તો પા પા પગલી કરતું હતું ત્યારે તેમને ગણિતના 'ગ' ની પણ ખબર નહોતી ત્યારે ભારતના 'આર્યભટ્ટ' નામના એક વિજ્ઞાનિક દ્વારા શૂન્યની શોધ કરી... આર્યભટ્ટ દ્વારા ખગોળ, નક્ષત્ર, કલાઓ, સૂર્ય ,ચંદ્રની તમામ માહિતી અને સંશોધન મોજુદ હતુ... અંકગણિત, બીજગણિત અને ભૂમિતિની માહિતી અને અંકડાઓનો ભંડાર એટલે 'આર્યભટ્ટ'!! આર્યભટ્ટ ના હોત તો દુનિયા જોડે કોઈ ગણિત જ ના હોત!! છતાંય આર્યભટ્ટને નહિ પણ પાયથાગોરસને મહત્વ અપાઈ રહ્યું છે... આજથી ૧૦ હજાર વર્ષ ઉપરાંત રામાયણ કાળને થઈ ગયા... ત્યારે પણ કુબેર જોડે 'પુષ્પક' વિમાન હતું જે પાછળથી રાવણ જોડે જતું રહ્યું, છતાંય આપણે ભારતીયો એવું જ માની રહ્યા છીએ કે વિમાનની શોધ રાઈટ્સ બંધુઓએ કરી!! આપણે ભારતીયોને અક્કલ વાપરવી જ ક્યાં છે??? 'આપણા સપ્તર્ષિ જોડે જીવનના તમામ અડસઠ વિષયોની ઊંડાણમાં માહિતી હતી તે આપણે સ્વીકારવું જોઈએ!!!' સમાજશાસ્ત્રનું જ્ઞાન જે આપણા ઋષિમુનિઓ જોડે હતું તે કદાચ આજના મોટા મોટા ફિલોસોફર જોડે પણ નથી તો કેવી રીતે કહી શકીએ કે ભારતમાં પ્રાચીન કાળમાં શિક્ષણ નહોતું??? લોકશાહીની ઓળખ આપનાર 'વશિષ્ટ' ઋષિને ભૂલી ગયા અને 'અબ્રાહમ લિંકન' ને યાદ કરીએ કે જેમણે વશિષ્ટ ઋષિની કોપી કરી છે.... કવિ 'કાલિદાસ' જેવા સાહિત્યકાર અને 'પતંજલિ' જેવા આયુર્વેદના ડોકટર આજે વિશ્વમાં ક્યાંય દેખાતા નથી... 'ચંડ અને મુંડ' રાક્ષસી વૃત્તિના હતા પણ મોટા બાયોલોજીના માસ્ટર બ્લાસ્ટર હતા... કે લોહીના એક ટીપામાંથી સંપૂર્ણ શરીરનું નવસર્જન કરવાની આવડત તેમનામાં હતી!! તેઓ દ્વન્દ્વ ને પચાવનાર બાયો-કેમેસ્ટ્રીના સૌથી મોટા વૈજ્ઞાનિક હતા, તેમને ચેલેન્જ કરનાર આજે પણ વિશ્વમાં કોઈ વૈજ્ઞાનિક મોજૂદ નથી!! આ બધા ભારતીય જ જતા... તો એવું કેમ કહી શકીએ કે પ્રાચીન ભારતમાં શિક્ષણ નહોતું? 'આજની જમીન માપણીની પદ્ધતિ કે જેને લગતુ સાહિત્ય વડોદરાની ગાયકવાડ સરકારે પૂરું પાડ્યું હતું', તો કેવી રીતે કહી શકાય કે પ્રાચીનકાળમાં શિક્ષણ નહોતું?? પ્રાચીનકાળમાં બનેલા અદ્દભૂત મંદિરો અને ૨૦૦૦ વર્ષ પહેલાં બનેલા જૈન દેરાશરો સાક્ષી પૂરે છે કે પ્રાચીન યુગમાં ભારતમાં જે આર્કિટેક્ટ અને એન્જીનીયરીંગનું જ્ઞાન હતું તે આજે પણ વિશ્વની કોઈ યુનિવર્સિટીમાં નથી!! બ્રહ્માસ્ત્ર, પાશુપાસ્ત્ર જે વિશ્વનો નાશ કરી શકે તેવા શસ્ત્રો આજથી હજારો વરસ પહેલાં ભારતના યોદ્ધાઓ જોડે હતા તો કેવી રીતે કહી શકાય કે શિક્ષણ નહોતું??

'વિશ્વ પ્રસિદ્ધ તક્ષશિલા, નાલંદા, કાંચી, વલભીપુર જેવી યુનિવર્સિટીઓ ભારત પાસે હતી જેનો તોડ આજે પણ વિશ્વની કોઈ યુનિવર્સિટી જોડે નથી....' વર્તમાન યુગમાં ભારતની સભ્યતા અને સંસ્કૃતિને છતી કરવામાં ખુદ આપણી સરકારોને જ રસ નહોતો એટલે આપણી કિંમત કોઈ નહોતું કરતું, સરકાર સક્રિય હોય તો આપોઆપ રાષ્ટ્રની વેલ્યુ થતી હોય છે....હાલમાં ભારતને માનવંતુ અને ગૌરવવંતુ કરવામાં મોદીજીએ જે બીડું ઝડપ્યું છે તેના સુખદ પરિણામ આપણે જોઈ રહ્યા છીએ...

## જિલ્લામાં વાનરો આક્રમક બનતાં પ્રાણી નિષ્ણાતોનું અભ્યાસુ તારણ

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૩૧

હમણાંથી માનવ વસતીમાં કુદાકુદ કરતા વાનરો હિંસક બન્યા છે.



સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં વાનરોએ પ્રજા અને પશુઓને બચકાં ભરી લોહી લુહાણ કરી નાખ્યાના બનાવ વધ્યા છે ત્યારે પ્રાણી નિષ્ણાતોના મત મુજબ વર્તમાન સમયગાળામાં પ્રજનન માટે વાનરોમાં અંદરો અંદર થતી લડાઈના કારણે વાનરોના સ્વભાવમાં આક્રમક્તા આવી છે. માદા વાનર પ્રત્યે વર્ચસ્વ જમાવવા માટે નર વાનરો આરપારની લડાઈ લડવા તત્પર રહેતા હોવાથી આ ઘર્ષણ દરમ્યાન જે કોઈ સામે આવ્યું તેને વાનરો જપે ચઢાવી બચકાં ભરતા હોય છે. જંગલોમાં કાળઝાળ ઉનાળામાં પીવાના પાણીના કુદરતી સ્ત્રોત સૂકાયા છે. ફળાઉ વૃક્ષો સૂકાઈ જતાં ખોરાક-પાણીની શોધમાં વાનર સેનાએ માનવ વસતીમાં ધામા નાખ્યા છે. જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં હમણાંથી વાનરોનું અતિક્રમણ શરુ થયું હોય તેવી સ્થિતિ મોટાભાગના વિસ્તારોમાં જોવા મળી રહી છે. શરુઆતમાં વાનરો પ્રત્યે પ્રજાના ભાવનાત્મક સબંધો સ્થાપિત થયાં જેમાં દયાના ભાવ સાથે પ્રજાએ વાનરોને ખોરાક-પાણી આપવાની શરુઆત કરી જેથી વાનરો તેના કાયમી આદિ બની ગયા પછી હવે છે. મહિનામાં વાનરો માટે પ્રજનનનો મહત્વનાં સમયગાળો શરુઆત થતાં માનવ અને વાનરો વચ્ચે ઘર્ષણના કિસ્સા સામે આવી રહ્યા છે. જિલ્લામાં હમણાંથી વાનરોએ હિંસક બની બચકાં ભર્યા હોવાની ઘટનાઓ વધી જતાં વન વિભાગને દોડવાની ફરજ પડી છે. જિલ્લાના અનેક વિસ્તારોમાં હિંસક બનેલા વાનરોને પાંજરે પુરવામાં આવતાં પ્રજાએ રાહતનો શ્વાસ લીધો છે પરંતુ આ પ્રકારની ઘટનાઓ હજુ પણ બની શકે તેવી ચેતવણી પ્રાણી નિષ્ણાતોએ વ્યક્ત કરી છે. બાયડ તાલુકામાં પ્રાણીઓના સંરક્ષણ માટે કાર્યરત વગડો ચેરીટેબલ ટ્રસ્ટનું માનીએ તો આ સમયગાળો વાનરો માટે પ્રજનનનો હોવાથી વાનરો અંદરો અંદર પોતાનું વર્ચસ્વ સ્થાપવા માટે સ્વાભાવિક આક્રમક રહેતા હોય છે. જેમાં અન્ય કોઈ વાનર માદા વાનરોને આકર્ષિત કરવાનો પ્રયાસ કરે ત્યારે વાનર ટોળકીનાં અન્ય નર વાનર ગુસ્સે ભરાતો હોય છે. પ્રજનન માટે અંદરો અંદર વાનરો હિંસક લડાઈ થતી હોય છે જેમાં ક્યારેક બે વાનરો વચ્ચે થયેલી લડાઈ પછી તેમની ઝપટે પ્રજા અથવા તો અન્ય પ્રાણી આવી ચઢે ત્યારે બચકાં ભરી રોષ ઠાલવતા હોય છે. જિલ્લામાં હમણાંથી જે પ્રકારે પ્રજાને બચકાં ભરવાની ઘટનાઓ વધી છે તે જોતાં માદા વાનર સામે પોતાનું વર્ચસ્વ જમાવવા માટે આક્રમક બનેલા નર વાનર જ હિંસક બન્યાનું જોવા મળ્યું છે જેથી વર્તમાન સમયગાળામાં બની શકે ત્યાં સુધી પ્રજાએ વાનરોથી સાવધાન રહેવું જોઈએ.

# રસુલપુર ખાતે આવેલ હિરામણી ફાર્મ હાઉસમાં તસ્કરોનો મોટો હાથ ફેરો



પ્રાંતિજ તા.૩૧

તસ્કરોએ હમરા-હમરા સાબરકાંઠા જિલ્લા સહિત તાલુકાઓમા તરખાટ મચાવ્યો છે ત્યારે પ્રાંતિજ ના રસુલપુર પાસે આવેલ ફાર્મ હાઉસ ને તસ્કરોએ નિશાન બનાવી બે મકાન મા પ્રવેશ કરી કુલ- ૨,૭૫,૦૦૦ રોકડા તથા સાડા સાત તોલા સોનાના દાગીના , પાંચ જોડ ચાંદીની સેરો, એક ચાંદીનો જુડો સહિત ની ચોરી કરી પલાયન થતા ફાર્મ હાઉસ માલિક દ્વારા પ્રાંતિજ પોલીસ ને જાણ કરાઈ હતી

હિંમતનગર-અમદાવાદ નેશનલ હાઈવે આઠ પ્રાંતિજ ના રસુલપુર પાસે આવેલ હિરામણી ફાર્મ હાઉસ મા અજાણ્યા તસ્કરો દ્વારા રાત્રીના સમયે ફાર્મ હાઉસ મા પ્રવેશ કરી ફાર્મ ના માલિક તથા તેવોનો પરિવાર મકાન બહાર સુતો હતો તે દરમ્યાન તસ્કરો દ્વારા મકાન મા પ્રવેશ કરી ઘરમા રહેલ સરસામાન વેરવિખેર કર્યો હતો તો તિજોરી ના તાળા તોડી તિજોરીમા રહેલ રોકડ રકમ ૨,૫૦,૦૦૦ તથા સાડા સાત તોલા સોનાના દાગીના તથા પાંચ જોડ ચાંદીની સેરો , એક જોડ ચાંદીનો જુડો ચોરી કરી હતી તો ફાર્મ હાઉસ મા રહેલ બીજા મકાન મા પણ પ્રવેશ કરી ઘર મા ધુસી સરસામાન વેરવિખેર કરી તિજોરી ના તાળા તોડી તિજોરીમા રહેલ રોકડ રકમ- ૨૫,૦૦૦ ની ચોરી કરી હતી તો બન્ને ફોર્મ હાઉસ માલિકો રાત્રીના સમયે મકાન બહાર સુતા રહ્યા ને તસ્કરો ઘરમા ધુસીને તિજોરીઓ સાફ કરી ગયા હતા જયારે આ અંગેની જાણ પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા ફાર્મ હાઉસ માલિક પટેલ કમલેશભાઈ ભીખાભાઈ પટેલ દ્વારા કરતા પ્રાંતિજ પોલીસ સ્ટેશન ના પીએસઆઈ એસ.જે ગોસ્વામી પોલીસ ટીમ સાથે દોડી આવ્યા હતા અને તપાસ હાથધરી હતી તો તસ્કરોએ રસુલપુર ગામમા આવેલ દલપતભાઈ રમણભાઈ ચાવડા ના બંધ મકાન ને નિશાન બનાવ્યુ હતુ અને પાછળ ના ભાગે થી દરવાજો તોડી અંદર પ્રવેશ કરી સરસામાન વેરવિખેર કરી તિજોરીના તાળા તોડયા હતા.